# 57

## રાજ્યમાં ઈજનેરી કોલેજોની કુલ બેઠકો

*15/4/2586 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા**(પોરબંદર) **: માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર ઈજનેરી કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે, | (૧) | સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર એવી ડિગ્રી ઈજનેરી કોલેજમાં ૭૧,૬૨૯ અને ડીપ્લોમા ઈજનેરી કોલેજોમાં ૬૯,૨૨૩ એમ મળીને કુલ ૧,૪૦,૮૫૨ બેઠકો છે. |
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર ઉક્ત કોલેજોમાં કુલ કેટલી બેઠકો ભરાયેલ અને કેટલી બેઠકો ખાલી રહી છે, અને | (૨) | સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર ડિગ્રી ઈજનેરી કોલેજમાં વર્ષ ૨૦૨૨માં કુલ ૩૦,૦૭૦ બેઠકો ભરાયેલ અને કુલ ૩૯,૩૪૦ બેઠકો ખાલી છે અને વર્ષ ૨૦૨૩માં કુલ ૩૨,૮૧૮ બેઠકો ભરાયેલ અને કુલ ૩૮,૮૧૧ બેઠકો ખાલી છે.<br><br>સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર ડીપ્લોમા ઈજનેરી કોલેજમાં વર્ષ ૨૦૨૨માં કુલ ૪૧,૧૫૬ બેઠકો ભરાયેલ અને કુલ ૨૭,૦૦૫ બેઠકો ખાલી છે અને વર્ષ ૨૦૨૩માં કુલ ૪૫,૭૨૨ બેઠકો ભરાયેલ અને કુલ ૨૩,૫૦૧ બેઠકો ખાલી છે. |
| (૩) | ઉક્ત બેઠકો ખાલી રહેવાના મુખ્ય કારણો શા છે? | (૩) | એ.આઈ.સી.ટી.ઈ. દ્વારા નિયત કરાયેલ પ્રવેશ લાયકાતમાં ઉપલબ્ધ બેઠકોની સંખ્યાના સાપેક્ષમાં રજીસ્ટ્રેશનમાં ઘટાડો થવાને કારણે તેમજ આઈ.આઈ.ટી., એન.આઈ.ટી., આઈ.આઈ.આઈ.ટી. જેવી દેશની નામાંકિત સંસ્થાઓમાં અને અન્ય અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવાની અને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે જવાની તકોની ઉપલબ્ધિને કારણે ડીગ્રી ઈજનેરી કોલેજોની ઉક્ત બેઠકો ખાલી રહેવા પામેલ છે.<br><br>ધોરણ–૧૦ પાસ બાદ ધોરણ–૧૧, નર્સિંગ, આઈ.ટી.આઈ. ટી.ઈ.બી. વગેરે જેવા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવાની તકોની ઉપલબ્ધિને કારણે ડીપ્લોમાં ઈજનેરી કોલેજોની ઉક્ત બેઠકો ખાલી રહેવા પામેલ છે. |

.....................